## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... આ લો પ્લાસ્ટીકની કોથળી વાળી માણસ, દારૂની કોથળી વાળા કરતાં આ ઝડપથી પકડાઈ જાય છે...!!

# સેક્ટર-૩૦ ડમ્પિંગ સાઈટની પાછળ ખુલ્લેઆમ જુગાર રમતા ૧૦ શખ્સો ઝડપાયા

## ઢોર પકડ પાર્ટીની એજન્સીના કર્મચારીઓ હતા

ગાંધીનગર, તા.૨૭

શહેરને અડીને આવેલા સેક્ટર-૩૦ ખાતે ડમ્પીંગ સાઈટ ની પાછળ ખુલ્લે આમ કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની બાતમીને આધારે સેક્ટર-૨૧ પોલીસની ટીમ ગઈ કાલે દરોડો પાડીને ૧૦ જુગારીઓને રંગે હાથ ઝડપી પાડયા હતા. પોલીસના દરોડાથી જુગારના સ્થળ પર નાસભાગ મચી જવા પામી હતી ત્યારે પોલીસે કોર્ડન કરીને તમામ ૧૦ આરોપીઓની ધરપકડ કરી લઈ તેમની પાસેથી રોકડ રૂ.૮૦૦૦ સહિત કુલ રૂપિયા અઢી લાખનો મુદ્દામાલ જપ્ત કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પકડાયેલા આરોપીઓ મહાનગરપાલિકાના ઢોર પકડ પાર્ટીની એજન્સીના કર્મચારીઓ હોવાનું ખુલ્યુ છે.

સેક્ટર-૨૧ પોલીસની ટીમે બાતમીના આધારે સેક્ટર-૩૦ ડમ્પીંગ સાઈટની પાછળ ગઈકાલે દરોડો પાડીને ૧૦ જુગારીઓને પકડી પાડયા હતા. મહાનગરપાલિકાની ઢોર પકડ પાર્ટીના એજન્સીના કર્મચારીઓ ડમ્પિંગ સાઈટની પાછળ ખુલ્લે આમ બાજી માંડીને બેઠા હતા. પોલીસે સાદરા ગામના કિરણ પ્રહલાદજી બારૈયા, શિહોલી મોટી ગામના નારાયણ રમણજી ઠાકોર, અમદાવાદના એલેક્સ આલ્બર્ટ ક્રિશ્ચિયન, સાદરાના સંદીપ ગોવિંદ ચૌહાણ અને રાહુલ નયન ચૌધરી, અમદાવાદનો ક્રિશ્ચિયન એલેક્સ વિલ્સન, નેલ્સન સેમસંગ દેસાઈ, સાદરાનો શોએબ મિયા મકબુલ મિયા શેખ, રાજ નયન ચૌધરી અને દશેલા ગામનો અજય સુરેશ રાઠોડ મળીને દસ શખ્સોને જુગાર રમતા રંગે હાથ ઝડપી પાડયા હતા. તેમની પાસેથી રોકડ રૂ ૭૯૦૦ તથા રૂપિયા ૧.૮૫ લાખની કિંમતના ચાર બાઈક અને રૂ. ૫૫,૫૦૦ની કિંમતના ૧૦ મોબાઈલ મળીને કુલ રૂપિયા ૨.૪૭ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને તમામ આરોપીઓની સામે જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ‘શૉ ઓફ ક્લિક્સ’ ઓનલાઈન મોડેલિંગ સ્પર્ધામાં વાવોલની દિકરી માન્યતાબા ગોલની પસંદગી

## મિસ યુનિવર્સ સુસ્મિતા સેન દ્વારા સંચાલિત વેબસાઈટ દ્વારા યોજાયેલ સ્પર્ધામાં ૬ વર્ષીય માન્યતાની પસંદગી થતા ખુશીની લહેર

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરની બાળ પ્રતિભાઓ હવે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઝળકી શહેરનું નામ રોશન કરી રહી છે. તાજેતરમાં પૂર્વ મિસ યુનિવર્સ અને બૉલીવુડ અભિનેત્રી સુસ્મિતા સેનની ‘શૉ ઓફસ’ વેબસાઈડ દ્વારા બાળ મોડેલ પ્રતિભા શોધ માટે યોજવામાં આવેલ ઓનલાઈન સ્પર્ધામાં વાવોલની ૬ વર્ષીય દિકરી માન્યતાબા ગોલની પસંદગી થવા પામી છે.




મિસ યુનિવર્સ સુસ્મિતા સેન દ્વારા ભારતમાં મોડીલીંગ ક્ષેત્રે નવી પ્રતિભાઓની શોધ માટે ‘ધ શૉ ઓફ ક્લિક્સ’ નામે એક વેબસાઈટ ચલાવાય છે. જે થકી આંતરરાષ્ટ્રીય સ્તરે મિસ યુનિવર્સ અથવા મિસ વર્લ્ડ જેવી સ્પર્ધાઓ માટે પ્રતિભાશાળી સ્પર્ધકો શોધવા પ્રયાસ કરાય છે. આ વેબસાઈટ દ્વારા ગત તા. ૧૯મી મે ના રોજ ‘ધ શૉ ઓફ ક્લિક્સ-ફર્સ્ટ એવર ઈન્ટરનેશનલ મિની મોડેલ પ્લેટફોર્મ ઈન ધ ઈન્ડસ્ટ્રીઝ ટુ પ્રમોટ’ નામે એક ઓનલાઈન સ્પર્ધાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ સ્પર્ધાનો હેતુ મોડેલીંગ તથા ફેશન શૉ ક્ષેત્રે નવી બાળ પ્રતિભાઓને શોધી તેમને પ્લેટફોર્મ પુરૂ પાડવાનો હતો. આ સ્પર્ધામાં વાવોલની સંકલ્પ રોયલ સોસાયટીમાં રહેતી ૬ વર્ષીય દિકરી માન્યતાબા ગોલે ઉમેદવારી નોંધાવી હતી. ભારતભરમાંથી આશરે ૫૦ જેટલા બાળકોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ઓનલાઈન વૉટીંગ દ્વારા વિવિધ સ્ટેજ જીતવાના હતા. આ સ્પર્ધામાં છેલ્લે ૯ સ્પર્ધકોની પસંદગી કરવામાં આવી હતી જેમાં માન્યતાબા ગોલનો સમાવેશ થતા સમગ્ર વાવોલમાં આનંદની લાગણી પ્રવર્તવા પામી છે. આ સ્પર્ધાનું પરિણામ તા. ૨૫મી જૂને જાહેર થયુ હતુ જેમાં આખરી ૯ સ્પર્ધકોને પસંદ કરવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે માન્યતાબા ગોલ હાલ શ્રી સ્વામિનારાયણ ઈન્ટરનેશનલ સ્કૂલમાં સીબીએસઈ બોર્ડ અંતર્ગત અંગ્રેજી માધ્યમમાં ધોરણ ૧માં અભ્યાસ કરે છે. અને તેના પિતા ઘનશ્યામસિંહ ગોલ ખાનગી બીઝનેસ કરે છે. જ્યારે માતા મેઘાબા ગોલ બ્યુટિ પાર્લર ચલાવે છે. હજુ આ વેબસાઈટ દ્વારા આ સ્પર્ધકોમાંથી આંતરરાષ્ટ્રીય સ્તર માટે ૪ સ્પર્ધકોની પસંદગી પ્રક્રિયા હાથ ધરાશે. જો તેમાં માન્યતાબા પસંદગી પામશે તો તેને સુસ્મિતા સેન દ્વારા રૂબરૂ બોલાવી જનરલ નોલેજ કસોટી જેવી ફાઈનલ ટેસ્ટ લેવાશે ત્યારબાદ તેની મોડેલીંગની તાલીમ તથા ડેવલપમેન્ટની તમામ જવાબદારી સુસ્મિતા સેન ઉઠાવશે.

# બીએસએફ કેમ્પના ગેટ સામે પીક-અપ ડાલુ ઝાડ સાથે ટકરાતાં એકનું મૃત્યુ

## શાકભાજી ભરીને ચિલોડાથી ગાંધીનગર તરફ લઈ જવાતા ડાલાની બ્રેક ફેલ થઈ જતા અકસ્માત સર્જાયો : બે ઘાયલ

ગાંધીનગર, તા.૨૭

ચિલોડા સર્કલથી ગાંધીનગર તરફ શાકભાજી ભરીને આવી રહેલા પીકઅપ ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.



પ્રાપ્ત વિગત અનુસાર આજે બપોરના અરસામાં જીજે ૧૮ એક્સ ૪૩૩૨ નંબરના પીક અપ ડાલામાં શાકભાજી ભરીને ત્રણ ખેડૂતો ચિલોડા સર્કલથી ગાંધીનગર તરફ આવી રહ્યા હતા. તે અરસામાં બીએસએફ કેમ્પના ગેટની સામે અચાનક ડાલાની બ્રેક ફેલ થઈ જતા ડાલા ચાલકે સ્ટિયરિંગ પરનો કાબુ ગુમાવી દેતા ડાલુ લીમડાના ઝાડ સાથે ધડાકાભેર અથડાયું હતું. અકસ્માતમાં ડાલામાં સવાર ત્રણેય ખેડૂતો ઘાયલ થયા હતા. ઘાયલોને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તાત્કાલિક સારવાર અર્થે લઈ જવાયા હતા. જો કે ત્યાં ગંભીર રીતે ઘાયલ ચેખલા પગી ડાલાની આજે બપોરના અરસામાં અચાનક બ્રેક ફેલ થઈ જતા બીએસએફ કેમ્પના ગેટ સામે ગંભીર અકસ્માત સર્જાયો હતો. બ્રેક ફેલ થઈ જવાથી ડાલુ લીમડાના ઝાડ સાથે ટકરાઈ જતાં ડાલામાં સવાર ત્રણ વ્યક્તિઓ ગંભીર રીતે ઘવાયા હતા. જેમાં ચેખલા પગી વિસ્તારના ૪૫ વર્ષીય આધેડનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું. ચિલોડા પોલીસે આ ઘટના અંગે વિસ્તારના ૪૫ વર્ષીય ચતુરજી દોલાજી ઠાકોરનુ ગંભીર ઈજાઓના કારણે સારવાર દરમિયાન કમકમાટીભર્યુ મૃત્યુ નિપજયું હતું. તો બીજી તરફ અન્ય બંને ઘાયલ ખેડૂતો સારવાર હેઠળ દાખલ છે. ચિલોડા પોલીસે દહેગામ તાલુકાના કંથારપુરા ગામમાં રહેતા નવલસિંહ ઝાલાની ફરિયાદને આધારે ડાલા ચાલક સામે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

# કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતે પત્રકારત્વના અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર ખાતેની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ દ્વારા પત્રકારત્વના પોષ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા કોર્સની નવી બેચની પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ કરાયો છે.

કેએસવી સંચાલિત પત્રકારત્વ અભ્યાસક્રમમાં પત્રકારત્વના પાયાના સિધ્ધાંતો, લેખન કૌશલ્ય ઉપરાંત પ્રવર્તમાન સમયમાં જરૂરી એવી એન્કરીંગ, વોઈસઓવર, મોડયુલેશન, ડબીંગ, કેમેરા ફેસિંગ વગેરેની પ્રેકટીકલ તાલીમ આપવામાં આવે છે. છેલ્લા આઠ વર્ષથી ગાંધીનગર ખાતે પત્રકારત્વ ક્ષેત્રે ‘પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમાં ઈન જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન-પીજીડીજેએમસી’ કોર્સ ચલાવાય છે જેમાં વિદ્યાર્થીઓને અગ્રણી પત્રકારો અને અનુભવી તજજ્ઞો દ્વારા થીયરી તથા પ્રેકટીકલ આધારિત તાલીમ આપવામાં આવે છે, વળી, આ સંસ્થા દ્વારા કોર્સના સફળ સમાપને પ્લેસમેન્ટ પ્રક્રિયાનો પણ લાભ આપવામાં આવે છે.

આ કોર્સમાં ફિલ્ડ વર્ક તથા સંસ્થા મુલાકાત પર વિશેષ ભાર મુકવામાં આવે છે. આ અભ્યાસક્રમમાં કોઈ પણ વિષયમાં ગ્રેજયુએટ થયેલા વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકે છે તેવું સંસ્થાના અભ્યાસ સંયોજક મિતેષ મોદીએ જણાવ્યું હતું. આ કોર્સ અંગે વધુ માહિતી માટે તેમણે મો.નં. ૮૪૦૧૮૬૩૨૨૯ પર અથવા સંસ્થાના સે-૧૫ ખાતેના એલડીઆરપી કેમ્પસ સ્થિત કાર્યાલયે રૂબરૂ સંપર્ક કરવા જણાવ્યું છે.



ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા સેકટર-૨૮માં આવેલી આરાધના સ્કૂલ ખાતે ટીબી જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં તમામ વિદ્યાર્થીઓને ટીબીના લક્ષણો, નિદાન, સારવાર અંગેની સવિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સમાજમાં ટીબીના રોગ અંગેની સંપૂર્ણ અને સચોટ માહિતી નાગરીકો સુધી પહોંચે તે અંગે વિદ્યાર્થીઓને સરળ ભાષામાં સમજણ પુરી પાડવામાં આવી હતી. ક્ષય કેન્દ્ર ખાતે ફરજ બજાવતા તૃષ્ણા પટેલ દ્વારા ટીબીને લગતી વિગત પુરી પાડવામાં આવી હતી.

# ઈગલ ટ્રાવેલ્સમાં વિદેશી દારૂની હેરાફેરી કરતા બે ઝડપાયા

## ચિલોડા સર્કલ પાસેથી આર.આર.સેલે લક્ઝરી પકડી : મુસાફરો ભરીને જતી આ લક્ઝરીમાં તપાસ કરતા અંદરથી દારૂની ૩૧૨ બોટલ મળી : રૂ.૧૬.૨૬ લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર રેન્જ આઈજીની આર.આર. સેલે ચોક્કસ બાતમીના આધારે ચિલોડા સર્કલ નજીકથી ઈગલ ટ્રાવેલ્સ લક્ઝરી ઉભી રખાવી અંદરથી વિદેશી દારૂનો મોટો જથ્થો પકડી પાડયો હતો. મુસાફરો ભરીને જતી આ ઈગલ ટ્રાવેલ્સમાં ડ્રાઈવર અને ક્લિનર મળીને વિદેશી દારૂની હેરાફેરી કરી રહ્યા હતા. અમદાવાદના નમસ્તે સર્કલ પાસે આ માલ ઊતારવાનો હતો તે પહેલાં જ આર.આર. સેલે દારૂનો જથ્થો પકડી પાડી ડ્રાઈવર અને ક્લિનરની ધરપકડ કરી લીધી હતી. આર.આર. સેલ લક્ઝરી અને દારૂ મળીને કુલ રૂ.૧૬.૨૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી મુખ્ય બુટલેગર સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે. આ જ લક્ઝરીમાં અગાઉ પણ એકવાર દારૂની હેરાફેરી થઈ ચુકી હોવાનું પકડાયેલા આરોપીનું કહેવું છે.



ગાંધીનગર આર.આર. સેલના પી. એસ.આઈ. ભાવેશ રબારીની ટીમ પેટ્રોલિંગ માટે તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે હિંમતનગરથી ચિલોડા તરફ આવી રહેલી એક ઈગલ ટ્રાવેલ્સની લક્ઝરીમાં વિદેશી દારૂનો મોટો જથ્થો લઈ જવાઈ રહ્યો છે. આ બાતમી આધારે ટીમે ચિલોડા સર્કલ નજીક વોચ ગોઠવી જી.જે. ૦૩ વાય ૦૮૫૩ નંબરની લક્ઝરીને પકડી પાડી હતી. મુસાફરો ભરેલી આ લક્ઝરીમાં તપાસ કરતા અંદરથી અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની ૩૧૨ નંગ બોટલ મળી આવી હતી. આર.આર.સેલે રાજસ્થાનના ઉદેપુર ખાતેના એક ગામમાં રહેતા આ લક્ઝરીના ડ્રાઈવર અને કિલનર વિજય નારાયણ સેન અને સોહન મણિલાલ પ્રજાપતિ નામના બંને શખ્સોની ધરપકડ કરી રૂ.૧,૨૪,૮૦૦ ની કિંમતનો દારૂ તથા બે મોબાઈલ અને લક્ઝરી મળી કુલ રૂ.૧૬,૨૬,૩૦૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી બંને આરોપીની સઘન પુછપરછ શરૂ કરી છે. પૂછપરછમાં બહાર આવ્યું છે કે આ માલ અમદાવાદના શાહીબાગ વિસ્તારના અશોક નામના શખ્સે રાજસ્થાનથી ભરાવડાવ્યો હતો અને અમદાવાદના શાહીબાગ ખાતે નમસ્તે સર્કલથી આ માલ લઈ લેવાનો હતો. અગાઉ પણ આ લક્ઝરીમાં આ જ ડ્રાઈવર ક્લીનરે એકવાર દારૂની હેરાફેરી કરી હોવાની પોલીસ સમક્ષ કબૂલાત કરી છે.

# સરખેજ-ગાંધીનગર રૂટની બસો ગોતા બસ સ્ટોપને ટાળતા મુસાફરોમાં રોષ

## ગોતા ચોકડી બસ સ્ટોપ પર બસ ઉભી ના રાખવી પડે એટલે સીધી ઓવરબ્રીજ પરથી બસ લઈ જવામાં આવતા મુસાફરોને હાલાકી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે અસંખ્ય કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, નોકરિયાતો, વ્યવસાયિકો સહિત અન્ય મુસાફરો રોજીંદુ અપડાઉન કરે છે જેમાં વિવિધ રૂટનો ઉપયોગ થાય છે. છેલ્લા કેટલાક સમયથી ગાંધીનગર સરખેજ રૂટ પર શહેરી સેવાની એસટી બસના ડ્રાઈવર્સ દ્વારા ગોતા ચાર રસ્તા પર બસ ઓવરબ્રીજ ઉપરથી લઈને આ બસ સ્ટોપ ટાળવાની નીતિ અપનાવાઈ રહી છે જેને કારણે આ મહત્વના બસસ્ટોપ પરના અસંખ્ય મુસાફરો રઝળવા પામી રહ્યા છે.



ગાંધીનગર-સરખેજ રૂટ પર ગોતા ચોકડી એક અત્યંત મહત્વનો પોઈન્ટ છે જે વિસ્તારમાંથી અનેક મુસાફરો નિયમિત ગાંધીનગર આવે છે તેમજ ગાંધીનગરથી પણ અનેક મુસાફરો જેમાં નોકરિયાતો તથા વિદ્યાર્થીઓ આ સ્ટોપ સુધી રોજીંદી મુસાફરી કરે છે. છેલ્લા કેટલાક દિવસથી સરખેજ-ગાંધીનગર રૂટની બસો જેવી કે ઉજાલાથી પથિકાશ્રમ રૂટની બસ ગોતા ચોકડી ઉભી રાખવાને બદલે પહેલેથી જ ઓવરબ્રીજ પર લઈ જઈ આ સ્ટોપને ટાળી દેવામાં આવી રહ્યું છે. આ કારણે બ્રીજ નીચે બસસ્ટોપ પર ઉભેલા મુસાફરો ભારે પરેશાનીનો ભોગ બની રહ્યા છે. મુસાફરોએ આ બાબતે ડ્રાઈવર કે કડંકટરને પૂછે તો પાછળ બીજી બસ આવતી હતી તેવું કહી ઉડાઉ જવાબ આપી દેવાય છે ત્યારે મુસાફરોને સવાલ મુંઝવે છે કે શું આ બસોના ડ્રાઈવર કડંકટર એકબીજાને પુછીને નક્કી કરે છે કે કયા બસસ્ટોપ પર બસ થોભાવવી અને કયા પર નહીં?? હાલ ચોમાસાની ઋતુનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે રાત્રિના લગભગ પોણા નવ વાગ્યાના સુમારે જયારે બસ ઉભી ન રખાય ત્યારે ઘરે પરત આવવા ઉભા રહેલા મુસાફરોની હાલત કફોડી બને છે અને રાત્રિના સમયે ખાનગી વાહનોમાં જોખમીભરી મુસાફરી ખેડી રાત્રે શહેરમાં પોતાના ઘર સુધી પહોંચવા હાલાકી ભોગવવી પડી રહી છે.

એસ.ટી. બસ ડેપોના મેનેજર તથા કન્ટ્રોલરે આ બાબતે સત્વરે યોગ્ય પગલાં લઈ આ રૂટની બસો ગોતા ઓવરબ્રીજ નીચે નિયત બસ સ્ટોપ થઈને જ લેવામાં આવે તેવી ડ્રાઈવર કન્ડકટર્સને તાકીદ કરી અમલ કરાય તેવી મુસાફર જનતામાં ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

### ઊજાલા-પથિકાશ્રમ રાતની બસ ડાયરેકટ ઓવરબ્રીજ પર જાય છે

ઊજાલા-પથિકાશ્રમ રૂટની રાત્રે અંદાજે ૮.૪૦ની આસપાસ ગોતા આવતી બસ ઓવરબ્રીજની નીચે બસ સ્ટોપ પર લેવાને બદલે બારોબાર ઓવરબ્રીજ પર લઈ જવાની ફરિયાદ વધુ ઉઠવા પામી છે ત્યારે મુસાફરોને સવાલ થઈ રહ્યો છે કે બસની જીપીએસ સીસ્ટમ બંધ હશે કે પછી તેના ડ્રાઈવર-કડંકટર ડેપો ઓથોરિટીના બસસ્ટોપના આદેશને ઘોળીને પી ગયા હશે કે શું? શું એસ.ટી. ડેપોના અધિકારીઓ આ અંગે પગલાં લેશે?

# લીંબડીયા કેનાલમાંથી વૃધ્ધાનો બિનવારસી મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લાના ડભોડા નજીક આવેલા લીંબડીયા ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાં આશરે ૬૦ વર્ષિય વૃદ્ધાને બિનવારસી મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. ઘટના અંગે ડભોડા પોલીસને જાણ થતા કેનાલ સિક્યુરિટી ગાર્ડ પ્રવીણ ઠાકોરની મદદથી બહાર કઢાવી પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતકની ઓળખ માટે તજવીજ શરૂ કરી છે. મૃતક વૃદ્ધાના જમણા હાથની કલાઈ પર છૂંદણાથી ‘રઈબેન, ભારતીબેન તથા રંગીબેન‘ લખેલું છે અને શરીરે લાલ રંગની ફૂલ ભાતની સાડી પહેરેલી છે. ડભોડા પોલીસે મૃતક વૃદ્ધાની ઓળખ માટે તથા તેના પરિવારજનો સુધી પહોંચવા માટે કવાયત શરૂ કરી છે.




પીપાવાવ ધામ જમીન મુકિત ઉપવાસ આંદોલન છેલ્લા ૬૩ દિવસથી ચાલી રહ્યું છે. સરકાર દ્વારા આ બાબતે ન્યાય કરવાની દરકાર લેવાઈ રહી નથી.ત્યારે ગ્રામજનોને વહેલા ન્યાય મળે તેના માટે સરકારને રજુઆત કરવા માટે અને આ આંદોલનને હવે ગુજરાતભરમાં પ્રસરાવવા માટે ગુજરાતના જાગૃત કોળી સમાજના યુવાનો આજે ગાંધીનગર સર્કીટ હાઉસ ખાતે બપોરે ૧ વાગે એકઠા થયા હતા. અને જમીન મુકિત ઉપવાસ આંદોલનને લઈ આગામી રણનિતી ઘડી કાઢી હતી. આ પ્રસંગે યુવા કોળી સમાજના અગ્રણી દિવ્યેશ ચાવડા અને મોટીસંખ્યામાંથી યુવાનો રાજયભરમાંથી હાજર રહ્યા હતા.

# સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા જન જાગૃતિ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨૭

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ અને પેરાલીગલ વોલન્ટીયર્સના સંયુકત ઉક્રમે સે-૭ના નવા સરકારી કવાટર્સ ખાતે જાહેર આરોગ્ય અને ખાદ્ય પદાર્થોની ગુણવત્તા વિષય અંતર્ગત સરકારી કયદાઓ તથા તેને લગતા અદ્યતન ફેરફારો માટે જનજાગૃતિ શિબિર યોજવામાં આવી હતી.

મુખ્ય વકતા અનિલ કક્કડે સિન્થેટીક દૂધ તથા ફાસ્ટફૂડની હકીકતો રજૂ કરી ખોરાકમાં થતી ભેળસેળની લાંબાગાળે આરોગ્ય પર થતી આડઅસરો વિશે શ્રોતાઓને માહિતી આપી હતી. તાજેતરમાં મહારાષ્ટ્રના પુનામાં દુધી, કાકડી, કારેલાના રસ પીવાથી બનેલા બનાવ સંબંધી ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રીસર્ચની એક્ષપર્ટ કમિટી દ્વારા બહાર પાડવામાં આવેલા રિપોર્ટની વિગતવાર ચર્ચા પણ કરવામાં આવી હતી.

શિબિરમાં એક જ તેલનો વારંવાર ઉપયોગ કરવાથી ખાદ્યતેલની ગુણવત્તામાં થતા ફેરફારો અને તેનાથી મનુષ્યના આરોગ્યને થતા નુકશાનની વિગતો આપવામાં આવી હતી. ફુડના કાયદા હેઠળ આવી રહેલા નવા સુધારાઓ અને તે માટે ટોટલ મોલર કમ્પાઉડના ટેસ્ટની અનિલ કક્કડ દ્વારા માહિતી આપી જનતામાં શૈક્ષણિક અભિગમ પ્રવર્તી રહે તે માટે અનુરોધ કરવામાં આવ્યો હતો.

ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ફેકલ્ટી ડીન અને કાયદાકીય નિષ્ણાંત ડૉ. પંકજ પંડયા દ્વારા ઘરેલુ હિંસા અને તેને સંબંધિત કાનુની જોગવાઈઓથી નાગરિકોને વાકેફ કરવામાં આવ્યા હતા. શિબિરમાં કાર્યક્રમના આયોજકો જયરામ સોની અને સામાજિક કાર્યકર દશરથ પરમાર દ્વારા પ્રાસંગીક ઉદબોધન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સિનિયર સિટિઝન્સ કાઉન્સિલના મહામંત્રી બી.ડી. શાહ, કારોબારી સભ્ય જે.એલ. શાહ તથા પેરાલીગલ વોલન્ટીયર્સ મધુસુદન જોશી ઉપસ્થિત રહ્યા હતા.

# અકસ્માતે અવસાન પામેલ પરપ્રાંતિય બાંધકામ શ્રમિકને ૧.૫૦ લાખની સહાય ચુકવાઈ

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા આજરોજ અમદાવાદ સ્થિત વડી કચેરી ખાતે અકસ્માતે અવસાન પામેલા એક બાંધકામ શ્રમિકને રૂ. ૧.૫૦ લાખનો અકસ્માત સહાયનો ચેક આ બોર્ડના સભ્ય સચિવ આર.કે. પરમારની ઉપસ્થિતિમાં, અધિકારી જે.બી. ઓઝાના હસ્તે આપવામાં આવ્યો હતો.

અમદાવાદની મુખ્યમંત્રી આવાસ યોજના, વસંતનગર ટાઉનશીપ, ગોતા ખાતેની બાંધકામ સાઈટ પર ફેબ્રિકેશનની ચાલુ કામગીરી દરમ્યાન અકસ્માતે ઊંડા બેઝમેન્ટમાં પટકાઈ ગયેલા અને સારવાર અર્થે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયેલા બાંધકામ શ્રમિક વિકાસ ચૌહાણ (ઉં.વ.૨૩)નું સારવાર દરમ્યાન અવસાન થયુ હતુ. મૂળ ઉત્તરપ્રદેશના ચન્દૌલી જિલ્લાના કરનોલ ગામના આ પરપ્રાંતિય અને સ્થળાંતરિત બાંધકામ શ્રમિક સ્વ. વિકાસનું આમ અકસ્માતે અવસાન થતા તેના પિતા લાલમનભાઈ સોમારૂભાઈ ચૌહાણે વડાપ્રધાનને તત્કાલ રજૂઆત કરી હતી. વડાપ્રધાનના કાર્યાલયની ત્વરિત સુચના મળતા મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય તેમજ રાજયના શ્રમ અને રોજગાર વિભાગની તાત્કાલિક દરમ્યાનગીરીથી ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડને આજરોજ સુચના મળતા આ રકમ રૂ. ૧.૫૦ લાખ મૃતકના માતા-પિતાને બાંધકામ બોર્ડે કચેરી ખાતે ચેક આપીને ચૂકવી આપવામાં આવી હતી.